અપીલ અરજી નં.૬૫૫ તા.૨૮–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મેહુલ વી. પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેહુલ વી. પટેલની તા. ૧૯–૧૨–૧૧ની અરજીથી પ્લોટ નં.૧૫/૫૦બી, વીજયલક્ષ્મી કંમ્પાઉન્ડ, ડી. ટેનામેન્ટ, દિલ્લી પંજાબ ગુડસ કેરીયરની સામે, સંત કબીર બાગ પાસે, ઉમરવાડા, ભાઠેના સુરત પર ચાલતું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૫/૨૦૧૧–૧૨

શ્રી મેહુલ વી. પટેલની તા. ૧૯–૧૨–૧૧ની અરજીથી પ્લોટ નં.૧૫/૫૦બી, વીજયલક્ષ્મી કંમ્પાઉન્ડ, ડી.ટેનામેન્ટ, દિલ્લી પંજાબ ગુડસ કેરીયરની સામે, સંત કબીર બાગ પાસે, ઉમરવાડા, ભાઠેના સુરત પર ચાલતું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/ ૩૧૯૨ તા. ૦૧–૦૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૪૦ તા. ૭–૩–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં નમૂના–' ક ' ની તા. ૧૭–૧૨–૧૧ જણાવી, ફીની રસીદ તા. ૧૯–૧૨–૧૧ ની રજૂ કરેલ છે તે અંગે માંગેલ માહિતીની વિગતો રજૂ કરવા સહિત વિસંગતતા સ્પષ્ટ કરવા સાથે તેમને મળેલ પ્રત્યુત્તર સામે નારાજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પૂરી પડાયેલ નથી.

અરજદારની તા. ૧૯–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૧૯૨ તા. ૧–૨–૧૨ થી યોગ્ય ટી.પી. સ્કીમ તથા ફા.પ્લોટ નંબરની માહિતી જણાવ્યેથી માહિતી આપી શકાશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/ ૩૧૯૨ તા. ૦૧–૦૨–૧૨થી નિયત સમય અવધિ બાદ મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ તા. ૨૮–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. અરજદારને અત્રેથી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં નમૂના–' ક ' ની તા. ૧૭–૧૨–૧૧ જણાવી, ફીની રસીદ તા. ૧૯–૧૨–૧૧ ની રજૂ કરેલ છે તે અંગે માંગેલ માહિતીની વિગતો રજૂ કરવા સહિત વિસંગતતા સ્પષ્ટ કરવા સાથે તેમને મળેલ પ્રત્યુત્તર સામે નારાજગીની વિગતો

આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે કોઈ માહિતી કે સ્પષ્ટતા રજૂ કરેલ નથી. તથા જાહેર માહિતી અધિકારીને પણ અત્રેથી "**જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ.** જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી. તથા અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાતો નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૮–૨–૧૨ ધ્યાને લેતાં ૨૮–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને તેમ ન થઈ શકે તેમ હોય તો જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનનો પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આરટીઆઈ/આ.નં.૩૧૯૨ તા.૧–૦૨–૧૨ ના પત્રથી અરજદારને સુચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મેહુલ વી. પટેલ,